■મૂળ લેખકઃ દામોદર ઇશ્વરદાસ ■રજૂઆતઃ ડૉ.અશોક કોઠારી

૧૮૯૮

# ચીનની મુસાફરી



## અફીણની પરખ અને વેપાર

બંગાળી અફીણ એટલે પટણા, બનારસનાં નામે ઓળખાય છે. તેના તોપના ગોળા જેવા મોટા ગોળા હોય છે. બંગાળી અફીણની ઉત્પત્તિ અંગ્રેજ સરકાર તરફથી બંગાળા (બંગાળ) પ્રાંતમાં થાય છે. ખસખસનાં રોપા તૈયાર થાય છે. પછી તેનાં દોંડાને (ડોડા) સાંજે ચાર ચાર,પાંચ પાંચ કાપા મૂકે છે. તે કાપામાંથી રસ ઝરપીને (ઝરીને) બાહાર (બહાર) નીકળે છે, તેને શહવારના (સવારના) પોહેરમાં (પહોરમાં) ચપુની (ચપ્પુ,ચાપુ) ધારે લૂછી લે છે. એ પ્રમાણે ખસખસનાં દોડા (ડોડા)માંથી રસ નીકળે છે ત્યાં સુધી કાપા મૂકે છે એ રસને કાહાડીને (કાઢીને) એકઠો કરી તેમાં બીજી મેળવણી કરીને ચાર-ચાર, પાંચ-પાંચ રતલનાં ગોળા બાંધી તે ઉપર બારદાનને માટે એજ રોપાનાં પાંત્રા (પાતરાં) સાથે મેળવણી કરીને ગોળા ઉપર પડ ચહડાવે (ચડાવે) છે. એ પડ સૂકાયાથી ચામડાનાં જેટલું કઠણ થાએ (થાય) છે. ત્યાર પછી તે ગોળાઓને પેટીઓમાં ભરી તેની સાથે વજનનો આંકડો અને અફીણના સરકારી ઈન્સપેક્ટરે તપાસ કરીને જેટલા ટચ અફીણ થરાવેલું (ઠરાવેલું) હોય તેની (તેનું) સરટીફીકેટ મૂકી પેટીઓ બંદ (બંધ) કરે છે. કલકત્તાની સરકાર અફીણનો નવો પાક થયાથી બંગાળી નવું અફીણ જેટલા ટચ ઉતરયું (ઉતર્યું) હોય તે અને દરપેટીનું વજન જાહેર અખબારની મારફતે છપાવે છે. એ સઘળી પેટીઓનો વિભાગ પાડીને દર મહિને સરકાર સરખા ભાગે જાહેર લીલામાં (લિલામ, લિલાઉં) કરીને વેચે છે. જેટલી પેટીઓ દર લિલામમાં વેચવી હોય તે પણ છપાવે છે. લિલામમાંથી વેપારીઓ પેટીઓ ખરીદ કરી પ્રથમ પીનાંગ (પેનાગ, મલયેશિયા) અને શીંગાપોરમાં થોડી ઘણી મોકલે છે બાકીની પેટીઓ ચીન તરફ જાય છે.

## અફીણની તપાસ

એ પેટીઓ ચીના વેપારીઓ ખરીદ કરતી વખતે પેટીને ઉખેડી પ્રથમ તેની માંહેની શરટીફીકૅટ અને ગોળા તપાસે છે. ગોળમાં ચીનાને શખ (શક) ઉત્પન્ન થાય તો તેને જોખે છે, અથવા લાંબો સોયો ભોંકીને પાછો ખેંચી કાહાડે છે, અને તે ચીકની સોરમ (સોડમ) લે છે. ચીના વેપારીઓ બંગાળી અફીણની ખુશબોથી તરત ઓલખી (ઓળખી) કાહાડે(કાઢે) છે, એટલું જ નહીં પણ ખોટા, ખરા, સારા, નરસા માલની પીછાણ (પિછાણ) કરે છે.

એનાં સોરમમાં (સોડમ) કે ગોળાનાં વજનમાં જરા ફેર માલમ (માલૂમ) પડે તો તુરત એ પીઢી (પેઢી) ઉપર ચીનાઓ વધારે શક લાવી એ અફીણ ખામી ભરેલું ગણે છે બંગાળી અફીણની આશરે ચાળીસ પીસતાળીસ (પિસ્તાળીસ) હજાર પેટી ચીન ખાતે જાય છે તેમાંથી પીનાંગ(પેનાંગ, પ. મલયેશિયા), શીંગાપોરમાં આશરે આઠ દશ હજાર પેટીઓ દર વરસે ખપે છે. બાકીની પેટીઓ ચીનના સઘળા ગામોને વાસ્તે હાંગકાંગમાં જાય છે. ત્યાં વેચાણ થઈ માંહેના દેશોદેશ જાય છે. તેમાં કેતાન (કેન્ટોન)માં ચાર-પાંચ હજાર, મકાઉમાં દસ બાર હજાર, અમોઈ (અમોય)માં એક હજાર ફંચાઉમાં ત્રણ-ચાર હજાર, શેંઘાઈ (શાંગહાઈ)માં સાત-આઠ હજાર પેટીનો ખપ થઈ સઘળા ચીનને લગતા દેશોમાં જાય છે. બંગાળી અફીણ વેચનારને એટલું તો સેહેલ (સહેલું) પડે છે કે જેમ હરેક (દરેક) ચલણી શીક્કા (સિક્કા) વેચતા વિલંબ લાગતો નથી, તેમ એ અફીણ વેચનારને વિલંબ લાગતો નથી. એક તરફ બંગાળી અફીણની પેટી આવે છે કે બીજી તરફ અફીણ ખરીદ કરનાર નાણાં આપે છે.

## માળવી અફીણ

માળવી અફીણ મુંબઈથી આશરે ચાળીસ હજાર પેટી ચીનમાં જાય છે. તેમાં દરેક પેટીમાં પોણા પોણા રતલને આશરે ગોટી હોય છે. અત્રેથી કેટલાક પારસી વેપારી, અંગ્રેજ દાકટરો માળવા અફીણને પારખીને તે પેટીમાં પરખ કરનાર પોતાની(પોતાનું) શરટીફીકેટ નાંખે છે. તે પેટીઓ ચીના અને અંગ્રેજ વેપારીઓ ખરીદ કરે છે. તે વેળાએ મુંબઈના દાકટરોની શરટીફીકેટ ઉપર વીસવાસ (વિશ્વાસ) લાવતા નથી, કેમકે માળવા અફીણમાં કેટલાક વેપારીઓની દગલબાજીથી એ માલની બિલકુલ આબરૂ રહી નથી. એ જણસ ઈંદોર, પાટણ, રતલામ, મંદસોર, પાલી, મારવાડ અને ગુજરાતમાં થાય છે. મારવાડમાં અને ગુજરાતમાં જે વેપારી આફીણનો ચોખો ચીક (જમાવેલો રસ) ખરીદી તે ચીકની બનાવટ કરી મુંબઈ લાવનાર વેપારીઓ અફીણનાં રોપાનાં સૂકા પાંત્રા (પાતરાં, પાંદડા)નો ભૂકો, અળશીનું તેલ, રેતી, ચીકણી મટોડી (માટી), ખાંડ, એલીઓ, આટો અને બીજી જણસો ભેળીને (ભેળવીને) તેની ગોટીઓ બાંધે છે. તેમાં ફક્ત અફીણનો ચીક સેંકડે ચાળીસથી સાઠ ટકાનો હોય છે. બાકીની મેળવણી કરે છે. એવી રીતે નવી નવી મેળવણી કરી તેની ગોટીઓ બાંધી અત્રે મુંબઈમાં મોકલે છે. મુંબઈમાં માળવી અફીલ ખરીદ કરનાર વેપારી કે પરખનાર(પારખનાર) દાકટરને બોલાવી નમૂનો અપાવે છે. તે વેળાએ નવી મેળવણીનું તો તાકીદે પાણી થઈ ગલી (ગળી) જાય છે, પણ જુનું અફીણ થયું તો તે બરાબર પીગળી શકતું નથી. કેટલાક મારવાડનાં વેપારીઓ ચીકમાં પુષ્કળ ખાંડ ભેળે (ભેળવે) છે, તેથી વધારે ખાંડની મેળવણીનું અફીણ પીગળાવતી વખતે ખાંડનું પાણી થઈ અફીણનાં પાણી સાથે તાકીદે પીગળી જાય છે. પાછું તેને સકત (સખત,સખ્ત) કરતી વખતે ટચ (જરીવારમાં) સાથે ખાંડની ચાસણી થઈ કઠણ થાય છે. એવી મેળવણીવાળા અફીણમાં દર સેકંડે વીસથી ત્રીશ ટકા ચીક હોય છે. બીજી મેળવણીને પેઠે ખાંડની મેળવણી અફીણમાંથી જુદી પડતી નથી, માટે ચીનાઓ એવા અફીણને રૂપિયાના પાવલે (૨૫%) પણ ખરીદ કરતા નથી. એવી રીતે માળવા અફીણમાં દિન ઉગતે જુદી જુદી દગલ બાજી ભરેલી મેળવણી થાય છે, તેથી એ માલની બનાવટ હલકી ગણાય છે. માળવા અફીણની ખપત દર વરસે શીંગાપોર (સીંગાપુર) ખાતે ૫૦ થી ૧૦૦ પેટીનો છે. મકાઉમાં શૅકાર માલનો ૧૦૦ થી ૨૦૦નો, કેતાન (કૅન્ટોન)માં રાસ બંધ ૫૦૦૦થી ૬૦૦૦ પેટીનો છે. અમાઉ (ઍમૉય) સ્વટાઉ (swatow), અને ફારમોશામાં (ફૉરમોસા, તાઇવાન) ૧૦૦૦થી ૨૦૦૦ સાસ (શકાર) માલનો છે. ફુંચાઉમાં (ફૂ ચાવ, (Fu-chow) ના રાસ બંધ ૫૦૦૦થી ૭૦૦૦ પેટીનો છે.

સેંઘાઇમાં (શાંગહાઈ) શીકાર માળવાનો ૨૦,૦૦૦થી ૨૫૦૦૦ પેટીનો છે. સઘળું માળવા અફીણ પ્રથમ સીંગાપોર થઈ હાંગકાંગમાં આવી વેચાણ થઈ અથવા પરભારૂં (બારોબાર) ઉપર લખેલા દેશો ખાતે રવાના થાય છે. માળવા અફીણની તપાસ કરનાર ચીનાઓ એક્કા (કુશળ) છે. હરેક (પ્રત્યેક) વખતે ચીનાઓ અને અંગ્રેજ વેપારીઓ ખરીદ કરે છે. પણ ઉત્તર તરફની નદીઓનું પાણી બંધાયાની (બરફથી થીજી જવાની) અગાઉ અને પીગળવાની વેળાએ જોરદાર ખરીદી નીકળે છે, તે વેળાએ ભાવમાં વધારો થાય છે. ચીના વેપારીઓ તો પોતે અફીણને તપાસે છે પણ અંગ્રેજો હોય છે ખરા, પણ તેમનાં વિસવાસુ (વિશ્વાસુ)ચીનાઓની મારફતે વધારે તપાસ થાય છે.

દરેક વખતે માળવા અફીણનો સોદો કરવાની અગાઉ દર પેટી ઉખેડી તેમાંથી ત્રણ ત્રણ ગોટીઓના ચોથા ભાગથી જરા ઓછી કાપી તેને જોખીને તેમાં પાણી નાંખી ઉકાળે છે. તે બરાબર એક રસ પાણી સાથે મળી ગ્યાથી (ગયાથી) ગાળવાનાં કાગળોમાં અફીણનું પાણી એક ધારે ગાળી કાહડે (કાઢે) છે. ત્યાર પછી તે પાણીને પાછું કઠણ કરી બીજે દિવસે સૂરજનાં કીરણે (કિરણોએ, સૂર્ય પ્રકાશમાં) અફીણનો રંગ જૂવે છે. તેને પાછો તોળી અજમાસ (અજમાશ, અજમાયશ) કાહાડી (કાઢી)તે અફીણ કેટલા ટચ બાકી રહેલું હોય તેની ખુસબો (ખુશબો) અને સ્વાદ જુવે છે. એવી રીતે સઘળી પ્રકારે અફીણ બરાબર ઉતરે તો તેનો ભાવ ઠેરવે છે, અથવા કંઈ પણ જૂજ ખામી નજર (નજરે) આવે તો માલ પરમાણે (પ્રમાણે) કડદો કરી તેનો ભાવ ઠેરવે છે. (ક્રમશઃ)■



# મૃત્યુથી બે ડગલાંનું છેટું

( પ્રકરણઃ ૫૨)

મૂળ લેખકઃ તાદેઉશ સોબોલેવિચ
અનુવાદકઃ ચંદ્રિકા લોડાયા

*વીતી ગયેલી વાત.......*

*સિનિયર લીડરે લેખક અને ઝબીશકને હિટલરના મૃત્યુ વિશેની બાતમી આપી પરંતુ એસ એસના માણસનો ભરોસો કરતાં સૌ ડરતા હતા. લેખક ભાગવાની શક્યતા વિશે વિચારવા લાગ્યા, એકલા ભાગવું સલામત નહોતું. તેવામાં એક જર્મન સંત્રી ખબર લાવ્યો કે અમેરિકનો દસ-પંદર કિ. મી. જ દૂર હતા તેથી કેદીઓને ત્યાંથી ઉતાવળે લઇ જવા લાગ્યા. હવે લેખકે બેનેક લાટારસ, હેનેક અને ઝબીશકને ભાગવા માટે તૈયાર કર્યા ને બધા માળિયા પરના ઘાસમાં છુપાઇ ગયા. એસ એસનો માણસ ઉપર તપાસવા આવ્યો પણ સૌ આબાદ બચી ગયા! કેદીઓની ટુકડી ચાલી જતાં ને બધું સલામત લાગતાં સૌ ઘાસમાંથી બહાર નીકળ્યા. એમના આશ્ચર્ય વચ્ચે ઘાસમાંથી બે ફ્રેન્ચ યહૂદી કેદીઓ પણ બહાર નીકળ્યા. છૂટકારાના આનંદના આવેગમાં સૌ એકબીજાને ભેટી પડ્યા.*

*હવે આગળ વાંચો......*

આખરે અમે મુક્ત હતા! આખરે સફળતાને લીધે તાણ જતાં અમારાં મુખડાં હળવાં થયાં હતાં અને આંખોમાં સફળતાનો આનંદ હતો, એસ એસના માણસો અમને શોધી નહોતા શક્યા તેની ખુશી હતી, પણ અમારા સૌમાં ઝબીશક ગંભીર હતો અને અમે જે પરિસ્થિતિમાં હતા તેને સૌથી વધુ સારી રીતે સમજી શકતો હતો. એણે અમને ઠેકાણે આણ્યા. 'શાંત થાઓ છોકરાઓ, તમે ગાંડા થયા છો? બધું પૂરું નથી થયું, આ તો હજી શરૂઆત છે. મૂરખાઓ, તમે શા માટે આટલા હરખાઓ છો? હેનેક -' એ હેનેક ફ્રેયર તરફ ફર્યો, 'તું પિચફૉર્ક ઉઠાવી લે અને બાકીના બધા શાંત રહો. હવે સાવધાન રહેજો, આપણે નીચે જઇએ છીએ.' એણે કાળજીપૂર્વક આજુબાજુ જોયું અને પછી નિસરણી ઉતરવા લાગ્યો. બાકીના અમે એને અનુસર્યા.

એક દાતરડું ખીંટી પર લટકતું હતું. ઝબીશકે લાટરસને એ લઇ લેવાની આજ્ઞા આપી અને પોતે બીજા પિચફૉર્કને પોતાનું શસ્ત્ર બનાવ્યું. દેખીતી રીતે જરૂર પડે તો અમારી પાસે રક્ષણ માટે કાંઇક હોય એવું એ ચાહતો હતો. અમારી જિંદગીનો સોદો સસ્તામાં પતાવવો એ મૂર્ખાઇ ગણાત.

અમારા નાયકે કોઠારનો દરવાજો ફક્ત માથું બહાર કાઢી શકાય તેટલો ખોલ્યો. એણે એક હાથથી અમને સંજ્ઞા આપી. એક પછી એક અમે કોઠારમાંથી બહાર આવીને ખેતરોનાં મકાનોની વચ્ચે આવેલા પ્રાંગણમાં આવ્યા. માલિકનાં વિવિધ ગાડાંઓ અને ખેતીની મશીનરીની વચ્ચે અમારું રસોડું હજુ ત્યાં હતું. ત્યાં ટ્રોલી પણ હતી જેની પર ફાડીને ખોલેલો સાકરનો કોથળો પડ્યો હતો અને એમાં થોડી સાકર હજી પડી હતી. એસ એસના માણસોની ચા માટે સાકર અલગ રાખવામાં આવતી, એ લોકો એટલી ઉતાવળમાં હતા કે આ કોથળો સાથે લેવાનું ભૂલી ગયા હતા.

બંને ફ્રેન્ચ સાકર પાસે દોડ્યા અને લોલુપતાથી મુઠ્ઠા ભરીને સાકર ગળચવા લાગ્યા. ઝબીશકે અને હેનેકે એમને સમજાવવાના વ્યર્થ પ્રયત્નો કર્યા કે એ લોકો બહુ માંદા પડશે. બંને જાણવા માગતા જ નથી એવું લાગતાં છેવટે એમને વારવાની કોશિશ છોડીને અમે ચારે જણા ફાર્મહાઉસથી દૂર જવા લાગ્યા. ખેતરનો મલિક કે એનું કુટુંબ દેખાતાં નહોતાં. 'કદાચ એ સારું જ છે' મેં મનમાં વિચાર્યું. અમારે બને તેટલી ઝડપથી રોડથી દૂર નીકળી જવું હતું, પણ અમે છેલ્લી ઘોડારના ખૂણે માંડ પહોંચ્યા કે અચાનક થીજી ગયા. અમે એસ એસના માણસની સાવ સામે ઊભા હતા અને એણે અમારી સામે સબમશીનગન તાણી હતી. 'ઊભા રહો! ક્યાં જાઓ છો? હેન્ડ્ઝ અપ!' સ્તબ્ધ થઇ અમે ઊભા રહ્યા અને આજ્ઞાંકિતપણે અમારા હાથ ઊંચા કર્યા.

મારા દિમાગમાં વિચારો દોડવા લાગ્યા. આ અહીં શી રીતે આવ્યો? એ લોકો એને બોલાવતાં ભૂલી ગયા હશે કે પછી એને એવું જોઇતું હશે કે 'એ લોકો એને ભૂલી જાય? એને ધિક્કાર છે!' પણ અમે શું કરી શકીએ? અમારું બદનસીબ હતું કે અમે હતા એ જ જગ્યાએ અને એ જ સમયે તે ત્યાં હતો. વાસ્તવમાં યુદ્ધ સમાપ્ત થઇ ગયું હતું અને આ કટોકટીની ઘડીએ તે અમને આસાનીથી મારી નાખી શકે એમ હતો. ના, કદાચ નહીં. એસ એસનો માણસ ઠીંગણો હતો અને ચશ્માં પહેરતો હતો. અમે કુલ ચાર લોકો હતા, વળી આઉશવિત્સના ભૂતપૂર્વ કેદીઓ હતા અને બે જણા પાસે પિચફૉર્ક હતા.

ઝબીશકે પોતાના પર કાબૂ રાખ્યો હતો અને એણે બહુ ખરાબ જર્મનમાં એસ એસના માણસની સાથે વાત કરી, 'મિ. સંત્રી, પ્લીઝ શાંત થાઓ. લડાઇ ખતમ થઇ ગઇ છે. હિટલર મરી ગયો છે. બધા છૂટા પડી ગયા છે, એ બધા લોકો ઘરે ગયા છે, કારણ કે અમેરિકનો આવી રહ્યા છે.' અમે સૌએ સંમતિમાં અમારાં માથાં હલાવ્યાં. એસ એસના માણસનું મોં ખુલ્લું રહી ગયું ને એણે એની ગન નીચે કરી.

'તમને બરાબર ખબર છે? તમે મને સાચું કહો છો?' અમે સૌએ આતુરતાથી વાત આમ જ હતી એવું સમર્થન આપ્યું. અને પછી અમારી ધારણા બહારનું બન્યું. એ નાનો, રમૂજી લાગતો એસ એસનો માણસ સ્લોવાક ભાષામાં કહેવા લાગ્યો, 'હિટલરને નરકમાં જવા દો, ધિક્કાર છે એને!' એણે ગનને જેટલી દૂર ફેંકી શકાઇ તેટલી ફેંકી, મૃત્યુના બિલ્લાવાળી સૈનિકની ટોપી ખેંચી કાઢી ને એને વાડની પાછળ ફેંકી અને ઉમેર્યું, 'હું તમારી સાથે સારો હતો - એ યાદ રાખશો ને? પછી એ શીઘ્રતાથી પાછળ ફર્યો અને ખેતરમાંથી દોડતો નજીકના જંગલમાં ચાલ્યો ગયો. અકલ્પનીય લાગે છતાં એ દ્રોહીમાં જરા અંતઃકરણ જેવું કાંઇ બચ્યું હતું.

અમારા રસ્તામાં ફરી કોઇ અડચણ ન આવી. એસ એસના માણસે જે કહ્યું હતું 'હું તમારી સાથે સારો હતો' એની પર વિચાર કરતાં મને ખ્યાલ આવ્યો કે એ કેટલો પાજી હતો.

હેનેકે વાડ કૂદીને સબમશીન ગન ઉપાડી લીધી અને કહ્યું, 'એ સૌથી ઓછો ખતરનાક હતો, પણ એ ય ટુકડીના છેવાડે થોડા સમય માટે હતો. હું ખુશીથી આમાંથી એક ધડાકો એને માટે કરી શકું છું.' એણે ભાગતા સૈનિક તરફ ગનનું નિશાન તાક્યું પણ ઝબીશકે એને વાર્યો. 'ઉતાવળો ન થા. આમ પણ એ મોડો કે વહેલો પકડાવાનો જ છે. વળી તું ગન ફોડીશ તો અવાજ થશે. ગન લઇ લે અને આપણે આગળ વધીએ.' પ્રભાવિત થતાં મેં હેનેકને પૂછ્યું કે સબમશીન ગન ચલાવતાં એ ક્યાંથી શીખ્યો હતો. 'હું આર્મીમાં હતો ને!' 'આ તો સારું છે,' મેં નિરાંતનો શ્વાસ લીધો. 'હવે આપણી જિંદગીનો સોદો સસ્તામાં નહીં થાય. આપણને જ્યારે મોકો મળે ત્યારે તું મને શીખવીશ ને? મને ફક્ત રિવોલ્વર ચલાવતાં આવડે છે.' ઝબીશકે અમને ટોક્યા, 'હવે શાંતિ રાખો. આપણને રોડથી દૂર જવાની અને ક્યાંક છુપાવાનું ઠેકાણું શોધવાની જરૂર છે. આપણે આ પાયજામામાં ગ્રામ્યપ્રદેશ ખૂંદતા ન જઇ શકીએ. ચાલો આપણે ત્યાં જઇએ.' એણે ઘાસના મેદાનની પેલી તરફ આવેલાં કેટલાંક મકાનો તરફ અંગુલીનિર્દેશ કર્યો.

જે ફાર્મહાઉસમાં અમે એસ એસના કેદી તરીકેના છેલ્લા કલાકો વિતાવ્યા હતા એની પાછળ ઘાસનું મોટું મેદાન હતું. એમાં બે ગાયો ઘાસ ચરતી હતી. એના બીજા છેડે એક ટેકરી હતી જેની પરથી એક કેડી થોડા ઘરોના સમૂહ સુધી જતી હતી અને બધું મળીને એક નાનકડું ગામ રચાતું હતું. થોડું દોડ્યા પછી અમે ઝડપથી ટેકરી ચડવા લાગ્યા. મેદાનની ધાર પર એક ઝાડ નીચે બે મોટી ઉંમરની ગ્રામીણ સ્ત્રીઓને અમારી ટુકડીના બે કેદીઓ સાથે વાતો કરતાં જોઇ. એમણે કેદીઓને દૂધ અને પાંઉ આપ્યાં હતાં. આ સારી નિશાની હતી. સ્પષ્ટ હતું કે એસ એસના માણસો ત્યાં નહોતા. અમે પણ ત્યાં પહોંચ્યા અને સ્ત્રીઓએ અમને બધાને એમના ઘરે રાતવાસ માટે આમંત્રણ આપ્યું. તેમણે હિટલર અને લડાઇને શાપ આપ્યા. લડાઇના કારણે એમણે સૌએ પોતાના પ્રિયજનોને ખોયા હતા. એમાંની એક સ્ત્રીનું હૃદય સાવ ભાંગી પડ્યું હતું, એણે અમને એના ત્રણ પુત્રો સરહદ પર શી રીતે મરાયા હતા એ વિશે કહ્યું. અમે એમનો સંતાપ સમજી શકતા હતા -પણ જોવા જઇએ તો બીજા દેશોની અનેક માતાઓ પણ આવી જ વેદના અનુભવતી હતી. (ક્રમશઃ)■

બ્રહ્માંડ દર્શન | ડૉ. જે. જે. રાવલ | jj.rawal@bombaysamachar.com

# અહમ્ કાર્લાસ્મિ/શ્રીકૃષ્ણ બ્રહ્માંડમાં કાળગણના



ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે અહં કાર્લાસ્મિ/અર્થાત્ હું કાળ છું.કાળને મહાકાળને કોઈ સમજી શકયું નથી. તેમ ઈશ્વરને પણ કોઈ સમજી શકયું નથી. નથી ભગવાન શ્રીકૃષ્ણને કોઈ સમજી શકયું. સમય વિષે પૂછવામાં ન આવે ત્યાં સુધી બધા માને કે સમય વિષે તેઓ બધું જ જાણે છે. જેવા આપણે તેમને સમય વિષે પૂછીએ કે તરત જ તેઓને જાણ થાય કે તેઓ સમય વિષે કાંઈ પણ જાણતાં નથી, સમય આવો છે. આપણને એ પણ મહેસૂસ થયું છે કે સમય સમય બળવાન છે, નહીં પુરુષ બળવાન, કાબે અર્જુન લૂંટિયો એ જ ગાંડીવ ધનુષ અને એ જ બાણ.

મહાદેવનું બીજું નામ મહાકાળ. મહાદેવનું એક રીતે કોઈ સ્વરૂપ નથી. મહાદેવ દેવાધિદેવ છે. ભગવાન રામ મહાદેવની પૂજા કરી લંકામાં યુદ્ધ કરવા જવા પ્રયાણ કરે છે, તો બીજી બાજુ શ્રીકૃષ્ણ ભગવાન સોમનાથમાં પૂજા કરવા જાય છે. એનું નામ મહાદેવ. મહાદેવ છે, મહેશ છે, મહાઈશ છે. તેમના સ્વસુર નગાધિરાજ હિમાલય છે. તેમનો મિત્ર ધનકુબેર છે. તેમનો દીકરો રિદ્ધિ-સિદ્ધિનો દેવતા ગણેશ છે. તેમ છતાં તેઓ તો મૃગચર્મ પહેરીને જ ફરે છે. દમન અને ત્યાગ એ જ મહાદેવ, મા બ્રહ્માંડ પોતે જ સ્મશાન છે, કબ્રસ્તાન છે, મહાદેવ સ્મશાનમાં રહે છે, તે ઘણું જ સૂચક છે. મહાદેવ પોતે જ ગળામાં કાળસ્વરૂપ સાપને ધારણ કરીને બેઠા છે. આ મહાકાળ છે. ઉજ્જૈનમાં મહાકાળ બિરાજમાન છે. સૂર્ય તેમની રેખાને કદી ઓળંગતો નથી. પ્રાચીન સમયમાં ભારતનો પ્રામાણિત સમય ઉજ્જૈનનો સ્થાનિક સમય હતો. બધું જ કાળમાં ઉત્પન્ન થાય છે અને કાળમાં સમાય છે. કાળ જ બધાનું ઉત્પત્તિ સ્થાન છે અને અંતિમ સ્થાન છે જયારે નેવાડાનાં રણમાં અમેરિકાએ વિખ્યાત વિજ્ઞાની જે.આર.ઓપનહાઈમરે વડપણ નીચે પ્રથમ અણુબૉમ્બની કસોટી કરી ત્યારે જે મહાકાળનું સ્વરૂપ ઓપનહાઈમરે જોયું. તેને જોઈને તેના મુખમાંથી ગીતાનો શ્લોક સરી પડયો કે હજારો સૂર્યો એક સાથે પ્રકાશે તેવું તે અણુમહાવિસ્ફોટનું રૂપ હતું. એ મહાકાળ માનવીને કાળ વિષે પ્રથમ જણાવનાર આપણો ચંદ્ર હતો. ચંદ્રની કળાએ માનવીને સમયચક્ર આપ્યું જે એક મહિનાનું છે. સમયમાપનમાં આ પ્રથમ સમયચક્રમાપન. જોવાનું એ છે અને આશ્ચર્યની વાત એ છે કે જે સમય સીધો ચાલે છે હજાર વર્ષ, બે હજાર વર્ષ વગેરે તે શા માટે ચક્રના રૂપમાં મપાય છે? જો આપણે ચક્રની ગણતરી ભૂલી જઈએ તો સમય ખોટો આવે. અહીં જ સમય વિષે પૂરી ગરબડ છે, કે શા માટે આપણે સમયને સમયચક્રના રૂપમાં માપીએ છીએ?.

આપણે વિમાનમાં બેસી દેશ પરદેશમાં ઉતરીએ તો સમય વિષે આપણે ગૂંચવણમાં પડી જઈએ. આપણી ઘડિયાળ સાચો સમય બતાવી જ ન શકે. અંતરીક્ષમાં જઈએ તો સમય અદ્દશ્ય થઈ જાય. સમયનું ત્યાં અસ્તિત્વ જ નથી, નથી દિશાઓનું અસ્તિત્વ.

બધા માને છે કે સમય ફેરફાર કરે છે. પણ જો ફેરફાર ન થાય તો શું સમય આગળ વધતો નથી? ઘણા એવા દાખલા છે જેમાં ૫૫ વર્ષની વ્યક્તિ માત્ર ૨૫ વર્ષની જ હોય તેમ દેખાય . એક દૃષ્ટિએ દેખાય કે સ્ત્રીઓ વયમાં જલદી વધતી નથી. બીજી બાજુ,ફેરફાર થાય તો જ સમય આગળ વધે છે, તેની આપણને ખબર પડે. તો પ્રશ્ન એ છે કે, સમય ફેરફાર કરે છે કે ફેરફારો સમય આપ છે? જો લોલક ચાલે તો જ સમય પસાર થાય છે તેની જાણ આપણને થાય છે. કોઈ આપણને અંધારી કોટડીમાં ઘડિયાળ અને કોઈ સમય જાણવાની ડીવાઈસ વગર માત્ર ભોજન પૂરું પાડીને પૂરી દે તો મહિના પછી શું થાય? સમયની આપણને ખબર જ ન પડે.

વૈજ્ઞાનિક વિદ્વાનોએ નિરીક્ષણ કર્યું કે ચંદ્ર આકાશમાં ૧૨ ચક્કર મારી લે છે એટલે કે ૧૨ અમાસ અને ૧૨ પૂર્ણિમા પસાર થઈ જાય ત્યારે આકાશમાં એક ચક્કર લગાવી લે છે, તે ફરીથી એ જ રાશિમાં પ્રવેશે છે તેને આપણે વર્ષ કહીએ છીએ. આમ વર્ષના ૧૨ મહિના થયાં. પણ આકાશમાં સૂર્યના આ ચક્રને આપણે વર્ષ કહીએ છીએ. ફરીથી સમય,સમયચક્રના રૂપમાં મપાયો. તો શું આપણે સમયને માત્ર સમયચક્રના રૂપમાં જ માપી શકીએ? સમય વાસ્તવમાં છે શું? કોઈને જ ખબર નથી. જેમ સત્ય દેખાતું નથી, ઈશ્વર દેખાતો નથી, આત્મા દેખાતો નથી, બુદ્ધિ દેખાતી નથી, તેમ સમય પણ દૃશ્યમાન નથી. સમય વિષે ભર્તુહરી શું કહે છે? તેઓ સ્પષ્ટ કહે છે કે સર્વં યસ્યવસાદ્ગાત સ્મૃતિપદમાં કાલાય તસ્મ નમઃ અર્થાત્ હું એ કાળને નમન કહું છું જે હયાતીને સ્મૃતિમાં ફેરવી નાખે છે. એક સમયે એક કાળે, પાણિની, પતંજલિ, જીવક, મહાવીર, બુદ્ધ ચાણકય, શ્રીકૃષ્ણ ભીષ્મ, આર્યભટ, ન્યુટન, ગાંધીજી, આઈન્સ્ટાઈન વગેરે હતાં, આજ તે બધાને કાળે અપાણી સ્મૃતિમાં ફેરવી નાખ્યાં છે. કાળની ચાદર આગળ અને આગળ વધતી જાય છે અને નાના કે મોટા જોયા વગર જેમનું આવી બન્યું હોય તેમને અદ્દશ્ય કરતી જાય છે.

પૃથ્વી ગોળ છે માટે અને તે તેની ધરી પર ગોળ ગોળ ઘૂમે છે માટે પૃથ્વી પર દિવસ-રાત થાય છે, અને તે બરાબર ચોક્કસ સમયના હોય છે. કારણકે પૃથ્વીના સંદર્ભે સૂર્ય સ્થિર છે. પૃથ્વી જો ધરી ભ્રમણ પ્રરિભ્રમણ કરતી ન હોત તો તે ગોળ દડા જેવી હોવાથી અને સૂર્યની ફરતે પરિભ્રમણ કરતી હોવાથી. પૃથ્વીના જે ભાગ પર સૂર્યપ્રકાશ પડે ત્યાં જ દિવસ થાત, જો તે સૂર્યની ફરતે પરિભ્રમણ કરતી ન હોત તો જયાં દિવસ છે ત્યાં હંમેશા દિવસ રહેત અને રાત છે ત્યાં હંમેશાં રાતઆમ દિવસ-રાતનો વિચાર વિચિત્ર છે અને તે ઘણી બાબતો પર આધાર રાખે છે.

પૃથ્વીના ગોળા પર આપણી જગ્યાના આધારે દિવસ લાંબા કે ટૂંકા થયા કરે છે. ઉત્તર ધ્રુવ કે દક્ષિણ ધ્રુવ પર ૬ મહિનાનો દિવસ અને ૬ મહિનાની રાત થાય છે.

આપણા પુરાણમાં અબજો અને અબજો વર્ષની ગણતરી બ્રહ્માંનો દિવસ, દેવોનો દિવસ અને માનવોનો દિવસના રૂપમાં આપવામાં આવી છે.

તારા (સૂર્ય) સ્વયં પ્રકાશિત હોવાથી ત્યાં દિવસ અને રાત થતાં નથી. પણ બુધગ્રહ પર પૃથ્વીના ૫૮ દિવસનો દિવસ થાય છે એટલે કે પૃથ્વીના ૨૯ દિવસનો દિવસ અને તેટલીજ લાંબી રાત થાય છે, કારણકે તેનું પરીભ્રમણ ધીમુ છે. ત્યાં વર્ષ પૃથ્વીના ૮૮ દિવસનું હોય છે. શુક્ર પર વર્ષ ૨૨૪ પૃથ્વીના દિવસનું અને દિવસ પૃથ્વીના ૨૪૪ દિવસનું હોય છે. એટલે કે શુક્ર પર તેનો દિવસ વર્ષ કરતા પણ લાંબો હોય છે. મંગળ પર દિવસ પૃથ્વી જેટલો જ લાંબો હોય છે પણ વર્ષ પૃથ્વીના વર્ષ કરતાં બમણું હોય છે. ગુરુ પર દિવસ પૃથ્વીના ૧૦ કલાકનો અને વર્ષ પૃથ્વીના ૧૨ વર્ષ જેટલો લાંબો હોય છે. ગુરૂ પર પાંચ કલાકનો દિવસ હોય અને પાચ કલાકની રાત હોય છે. આમજ દરેક ગ્રહને પોતાના દિવસ અને વર્ષની લંબાઈ હોય છે અને ત્યાં માનવજીવન શરૂ થાય તો તેઓ તે પ્રમાણે જ તેમના દિવસ-રાત અને વર્ષગણે, પૃથ્વીના દિવસ અને વર્ષના સંદર્ભે નહીં.

આમ બ્રહ્માંડમાં નાના-મોટા સમયચક્રો ચાલે છે જે પોતપોતાની કાળગણનાની સ્કીમ પ્રમાણે ચાલે છે- સીધી રેખામાં ચાલતો સમય હકીકતમાં ચક્રના રૂપે જ મપાય છે તે ઘણું વિસ્મય પમાડે તેવું છે,આતો ચક્રોમાં ચક્રોની વાત છે. આ તો બ્રહ્મ લટકા કરે, બ્રહ્મ પાસે એની બાબત છે, મોટા સમય પાસે નાના સમયચક્રો લટકા કરે છે.

જેમ આપણા જીવનમાં બધા જ દિવસો સરખાં નથી હોતા તેમ દરેક ગ્રહ પર પણ દિવસો સરખાં નથી હોતા

ચંદ્ર એક વિશિષ્ટતા ધરાવે છે તેનો દિવસ અને તેનું વર્ષ સરખા છે, દરેક પૃથ્વીના એક મહિનાનાં લઘુગ્રહ પર દિવસ આઠેક કલાકનો હોય છે અને વર્ષ સાત-આઠ વર્ષનું હોય છે. દિવસ દરમિયાન ગુરુ પર સૂર્ય અઢીગણી ઝડપે આકાશમાં ગતિ કરે છે.

ગુરુનું વર્ષ પૃથ્વીના બાર વર્ષ જેટલું લાંબું હોવાથી, ગુરુ પર જો માનવી સંભવે તો તે જયારે એક વર્ષનો થાય ત્યારે પૃથ્વી પરનો માનવી ૧૨ વર્ષનો થાય. મુસ્લિમ બિરાદરોની હીજરી સંવત ૩૬૦ દિવસની હોવાથી, જયારે બિનમુસ્લિમ બિરાદર ૭૦ વર્ષનો થાય

(જુઓ પાનું ૬) ▶▶